ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૬-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### સારા દિવસોની પ્રસવપીડા

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ચૂંટણી પ્રચાર દરમિયાન જે કેટલાંક અસરકારક સૂત્રો વહેતાં મૂક્યાં હતા એમાં એક હતું : 'અચ્છે દિન આયેંગે!' આ સૂત્ર આમ જનતામાં ખૂબ ઊંચકાયું હતું - 'અચ્છે દિન આનેવાલે હૈ' માં એક પ્રકારની આશા-અપેક્ષા અને શ્રદ્ધાનો રણકો હતો. વરિષ્ઠ ભાજપા નેત્રી અને તત્કાલીન વિપક્ષી નેતા સુષમા સ્વરાજે ક્યાંક આ શબ્દો વાપર્યા ત્યારે સ્ત્રીનાં સંદર્ભમાં 'સારા દિવસો'નું અર્થઘટન કરી એમની ગંદી મજાક પણ ઉડાવાઇ હતી. હવે જયારે ભાજપ પોતાની આગવી તાકાત પર શાસન કરી શકે એવો જબરદસ્ત પોઝિટિવ જનાદેશ મળેલ છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને ભારતીય અર્થતંત્રની કઠોર વાસ્તવિકતાનો અંદાજ આવ્યો છે. એમને પણ પ્રજાને આપેલ આશાવાદી વચનો તો યાદ જ હોય, પરંતુ એ સારા દિવસો દરમિયાન જે ગ્રાઉન્ડ રિયાલીટી - જમીની હકીકત છે એને પણ નજર અંદાજ કરી શકાય એમ નથી. એમણે સત્તા પર નજરઅંદાજ કરી શકાય એમ નથી. એમણે સત્તા પર બેઠા પછી જ દેશની વાસ્તવિક પરિસ્થિતિ જોઇ છે, એ પહેલાં તો તેઓ એક ઝુઝારુ પ્રચાર ઝુંબેશ ચલાવી 'મા-બેટે કી સરકાર' ને ઉખેડી નાખી દેશને 'કોંગ્રેસ મુક્ત' કરાવી દેવાના લડાયક મૂડમાં જ હતા. ડો. મનમોહનસિંહ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરવતા અર્થશાસ્ત્રી છે. એમને પોતાની વણસી ગયેલી પરિસ્થિતિનો પૂરો અને પાકો અંદાજ હતો. તેથી તેઓ ક્યારેક મોટી મોટી આશાઓ બંધાવતા નહોતા, બલકે એટલું કહીને મૌન થઇ જતા હતા કે દુનિયા આખી મંદીના વિકરાળ પંજામાં સપડાયેલી છે. અમેરિકા અને યુરોપ જેવાં સમૃદ્ધ રાષ્ટ્રો મંદીના સપાટામાં આવી ગયાં હોય ત્યારે સ્વાભાવિક છે કે ભારત જેવા વિકાસશીલ દેશને પણ મંદીનો વધતો ઓછો માર પડે. સંતોષ એ વાતનો છે કે આવી વિકટ પરિસ્થિતિમાં પણ દેશનું અર્થતંત્ર સાવ ખાડે નથી ગયું અને હવે ધીરે ધીરે આપણે એની વિઘાયક અસરોમાંથી બહાર આવી રહ્યા છીએ. વધી ગયેલા ફુગાવાનો દર ક્રમશઃ કાબૂમાં આણવા બાબતે અને ઘટી ગયેલા ગ્રોથરેટ - વિકાસદરને ફરી એક સન્માનજનક સ્થિતિએ પહોંચાડવામાં પોતાને સફળતા સાંપડશે એવી શ્રદ્ધા સાથે તત્કાલીન વડાપ્રધાન દેશની પ્રજાને આશ્વાસન આપતા હતા. એમના નાણામંત્રી પી. ચિદંબરમ્ પણ એ જ વાત કરતા રહ્યા. મંદીના દોરમાંથી ઊગરવા માટે દેશની પ્રજાએ કેટલોલ ભોગ આપવાની તૈયારી રાખવી પડશે, એવું આ બુ નેતાઓ વારંવાર કહેતા હતા. હવે એ જ ભાષા નવા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી વાપરી રહ્યા હોય એવું નથી લાગતું? એમણે કેટલાંક કઠોર અને અલબત્ત, આવું પોતાને એટલાં સારું કરવું પડશે કે અગાઉની સરકારે દેશને અકલ્પનીય દુર્દશાની સ્થિતિમાં પહોંચાડી દીધો છે - એમ કહી મોદી સાહેબ દોષનો ટોપલો વિશ્વવ્યાપી મંદીનો સામનો કરવામાં નિષ્ફળ રહેલ મનમોહન - સોરી, 'મા-બેટે કી' સરકાર પર ઢોળી દઇ એમની રાજકીય ઝુંબેશને જાળવીને જાળવી રાખવા માંગે છે. અચ્છે દિન તો આને હી વાલે હૈં, પણ એ પહેલાં બધું બગડી ગયેલું સુધારતાં સમય લાગશે; થોડાં 'અણગમતાં' પહેલાં લેવા પડશે! પ્રજાને આવાં અણગમતાં પગલાંની આગોતરી ચેતવણી આપીને વડાપ્રધાન કદાચ આગામી બજેટમાં નવા કરબોજ માટે કે સબસિડીમાં કાપ જેવી બાબતો ચીંધી રહ્યાં છે. પ્રજા તો મોદીજી પાસેથી તત્કાળ પરિણામની આશા રાખીને બેઠી છે. મોંઘવારી એ મુખ્ય સમસ્યા છે. જો મોંઘવારી ન ઘટવાની હોય તો 'સારા દિવસો' શા કામના? પરંતુ ક્યારેક ભૂતપૂર્વ વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીએ પ્રજાને સોમવારે એક ટાણું કરી દેશની અન્ન સમસ્યા હલ કરવામાં મદદરૂપ થવાનું જણાવેલું તેમ કદાચ નરેન્દ્રભાઇ પણ પ્રજાજનોને કરકસર કરવા જણાવે તેમ બને. સારા દિવસો દરમિયાન અને એની પૂર્ણ ડિલીવરી ટાણે જે પીડા એક જનેતાને ભોગવવી પડે છે, એની તૈયારી પણ રાખવી જ રહી!

# સે. ૨૪માં આંખે પાટા બાંધીને સ્પર્શ-ગંધ થકી ઓળખવાનો પ્રયોગ યોજાયો

## બાળકોમાં છુપાયેલી સુષુપ્ત શક્તિને જાગૃત કરવાની અનોખી પદ્ધતિ, શિક્ષણમાં ઉપયોગી



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા. ૧૬

શહેરના સેક્ટર-૨૪માં આવેલી વિવેકાનંદ શાળામાં એક નવીન જ કાર્યક્રમ યોજાયો હતો. જે હાજર સૌ કોઈમાં કુતુહલતા પેદા કરી હતી. આંખે પાટા બાંધીને જે તે ચિજવસ્તુની ઓળખ સ્પર્શ અને ગંધ થકી ચોક્કસપણે થઈ જતી હતી. આયોજક દ્વારા આ પ્રયોગને વૈજ્ઞાનિક રીતે અર્ધજાગૃત મનને કાર્યશીલ કરતાં આવું બની શકતું હોવાના દાવા સાથે હાલના અભ્યાસમાં આ ખુબજ ઉપયોગી બની રહેશે તેવું જણાવાયું હતું.

સેક્ટર-૨૪માં આવેલી વિવેકાનંદ શાળામાં તાજેતરમાં મીડમાઈન્ડ તરીકે ઓળખાતો એક જુદા જ પ્રકારનો પ્રયોગ યોજાઈ ગયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ તથા બાળકો સામેલ થયા હતા.

પ્રયોગના આયોજક એવા અમીતભાઈ દવેએ આંખે પાટા બાંધીને સ્પર્શ-ગંધ દ્વારા તમામ ચિજવસ્તુઓની ઓળખ થતી હોવાનું એક બાળકી દ્વારા જીવંત ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

રંગ, નંબર, આકાર ઓળખવા, સાઈકલ ચલાવવી, ન્યુઝપેપર પુસ્તકો વાંચવા, દાખલા/ચિત્રકામ કરવું, ચલણી નોટ અને તેના સીરીયલ નંબર ઓળખવા વગેરે આંખે પાટા બાંધીને કરી કરી બતાવ્યું હતુ. આ પ્રયોગ હાલ ૮ થી ૧૬ વર્ષના બાળકોમાં ઝડપી અમલી બન્યો હોવાનો આયોજકે દાવો કર્યો છે. વધુમાં અર્ધજાગૃત મનને જગાડી તેનો વિકાસ કરવો જેમાં નાના અને મોટા મગજને નિયંત્રણ કરતા મીડ માઈન્ડ એટલે એક સુત્રથી બાંધતા મગજને જાગૃત કરી યાદશક્તિમાં વધારો, આત્મવિશ્વાસમાં વધારો, એકાગ્રતા અને સર્જનાત્મકતામાં વધારો તેમજ લાગણીઓ ઉપર કાબુ મેળવી શકાય છે.

બાળકોમાં છુપાયેલી સુષુપ્ત સક્તિને જાગૃત કરી હાલના અભ્યાસમાં વધારે તેજસ્વીતા પ્રાપ્ત કરતા આ પ્રયોગથી ઉજ્જવળ કારકિર્દી સાથે ધ્યેય હાંસલ કરી શકાતુ હોવાનું આયોજકે જણાવ્યું હતું.

## શહેરમાં આર્ટસમાં અંગ્રેજી માધ્યમની માત્ર બે જ શાળા

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનુંપરીણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં અંગ્રેજી માધ્યમની શાળાના વિદ્યાર્થીઓ ઉચું પરિણામ મેળવ્યું હતું. આ વિદ્યાર્થીઓમાંથી જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૧માં સાયન્સમાં પ્રવેશ મેળવવા માંગતા હતા તેમને તો સરળાથી પ્રવેશ મળી ગયો છે પરંતુ જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૧ આર્ટસમાંપ્રવેશ મેળવવા માંગતા હોય તેમને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે કારણ કે અમદાવાદમાં ધોરણ-૧૧ આર્ટસ માટે અંગ્રેજી માધ્યમની માત્ર બે જ શાળાઓ ઉપબલ્ધ છે. ધોરણ-૧૧ આર્ટસમાંઅંગ્રેજી માધ્યમમાં કરવા માટે વિદ્યાર્થી પાસે અમદાવાદમાં માત્ર બે જ શાળાઓ ઉપલબ્ધ છે જેના કારણે જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં ઉચા ટકા મેળવ્યા હોય તેવા વિદ્યાર્થીઓએ પણ પ્રવેશ માટે રીતસર ધક્કા ખાવા પડી રહ્યા છે.

## હરિની દૃષ્ટિ...




એ પહેલા મને કહી દે કે, આમાં બોલને શું થાય તો 'ચિયર્સ ગર્લ્સ' આવે...!!

# વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા સંસ્કૃત ભારતીનાં સહયોગથી સંસ્કૃત સંભાષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬

સર્વોત્કર્ષ સેવા સંસ્થાન દ્વારા સંચાલિત વૈદિક પરિવાર, ગાંધીનગર દ્વારા સંસ્કૃત ભારતીનાં સહયોગથી ગત તા. ૬ જૂન થી ૧૫ જૂન સુધી સંસ્કૃત સંભાષણ શિબિર યોજાઈ ગઈ. આ સંભાષણ પ્રશિક્ષણના વર્ગમાં વૈદિક પરિવારનાં સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંસ્કૃત ભારતીનાં પ્રશિક્ષક ડૉ. ભાવપ્રકાશ ગાંધી દ્વારા દરરોજ બે કલાક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.




આ શિબિરનો સમાપન સમારોહ રવિવારે સવારે જ્યાં શિબિર યોજવામાં આવી હતી તે વૈદિક પરિવારનાં સત્સંગ હોલમાં જ રાખવામાં આવ્યો હતો. પ્રારંભમાં ચુનંદા શિબિરાર્થીઓએ નવ દિવસ દરમ્યાન શીખેલ ભાષાને ધારાપ્રવાહ બોલી તેમણે કરેલ પુરુષાર્થનો પરિચય આપ્યો હતો. શિબિરાર્થીઓએ ઉત્સાહજનક પ્રતિભાવો આપતાં કહ્યું હતું કે આ પ્રકારના વર્ગો સમયાંતરે યોજાતા રહેવા જોઈએ જેથી તેમનું સંસ્કૃત ભાષા ઉપર પ્રભુત્વ વધતું રહે.

વૈદિક પ્રચારક શ્રી અવધેશપ્રસાદ પાંડેયે પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે આપણા ધાર્મિક પુસ્તકો એવા વેદ, દર્શન શાસ્ત્રો, ઉપનિષદો તથા ઐતિહાસિક ગ્રન્થો જેવા કે રામાયણ, ગીતા વગેરે સંસ્કૃત ભાષામાં છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં ઉન્નતિ કરવી હોય તો સંસ્કૃત ભાષા શીખ્યા સિવાય છૂટકો નથી. સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલા વ્યક્તિનો વ્યવહાર સહજ, શાલીન, સભ્ય અને અનુકરણીય બની જતો હોય છે. તેમણે સંસ્કૃત સંભાષણ વર્ગમાં ભાગ લેનાર સૌને અભિનંદન પાઠવી તેમના કલ્યાણની ભાવના વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે સર્વોત્કર્ષ સેવા સંસ્થાનનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષા અત્યારે મૃતઃપ્રાય જેવી થઈ ગઈ છે. સંસ્કૃત ભણી રહેલા વિદ્યાર્થીઓ પણ સંસ્કૃત ભાષાને બોલચાલની ભાષા બનાવતા નથી ત્યારે આ પ્રકારની શિબિરોનું મહત્વ ખૂબ વધી થાય છે. તેમણે શિબિરાર્થીઓને પ્રેરણા આપી સંકલ્પ લેવડાવ્યો હતો કે શિબિરાર્થીઓ પરસ્પર જ્યારે પણ વાત કરશે ત્યારે મહત્તમ સંસ્કૃત ભાષાનો પ્રયોગ કરશે. તેમણે વધુમાં કહ્યું હતું કે સંસ્કૃત ભાષા વિશ્વની બધી ભાષાઓ કરતાં વધારે વૈજ્ઞાનિક અને મહત્તમ ભાવોને પ્રગટ કરવાનું સામર્થ્ય ધરાવતી ભાષા છે એટલે આ ભાષાનું ભવિષ્ય ચોક્કસપણે ઉજળું છે. આપણે આપણી શક્તિ લગાવી આ ભાષાને લોકભોગ્ય બનાવવાના પ્રયત્નો કરતા રહેવા જોઈએ.

આ પ્રસંગે પ્રશિક્ષક ડૉ. ભાવપ્રકાશ ગાંધીએ કહ્યું હતું કે સંસ્કૃત સૌથી સરળ, પૂર્ણ વૈજ્ઞાનિક, તર્કપૂર્ણ અને ભાવનાસભર ભાષા છે. સંસ્કૃત આપણી પ્રાચીન ભાષા છે. આપણા ઋષિઓ દ્વારા રચિત ગ્રન્થોનાં જ્ઞાનને સુરક્ષિત રાખવું હશે, જનજન સુધી પહોંચાડવું હશે તો સંસ્કૃત ભાષાને જીવિત રાખવી પડશે. સંસ્કૃતને આપણા જીવનમાં સ્થાન આપીશું તો જ ભાષા જીવિત રહેશે. તેમણે શિબિરાર્થીઓને સમયાંતરે વિશેષ વર્ગોનું સતત આયોજન કરી સંસ્કૃત ભાષામાં પ્રવીણ કરવાના સંકલ્પને દોહરાવ્યો હતો.

આ પ્રસંગે વિશેષ આમંત્રિત તરીકે ઉપસ્થિત યુવા સંસ્કૃત વિદ્વાન શ્રી વિરલભાઈ રાવલે સરળ સંસ્કૃત ભાષામાં પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આપણા દેશની એ વિડંબણા છે કે જ્યાં સુધી વિદેશી લોકો કોઈ વાત સ્વીકારતા નથી ત્યાં સુધી આપણે તેને અપનાવતા નથી. સંસ્કૃત સૌથી વૈજ્ઞાનિક ભાષા છે અને તે આપણી સાંસ્કૃતિક ધરોહર છે પરંતુ આપણા દેશના લોકો તેની ઉપેક્ષા કરે છે.

આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે શિબિરાર્થીઓને પ્રમાણપત્રો વિતરણ કરવામાં આવ્યા હતા. અંતમાં આ કાર્યક્રમનાં સંયોજક શ્રી મહેન્દ્રભાઈ ગાંધી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# બીએસસી-ફાર્મસીમાં કોમન ફોર્મથી પ્રવેશની પ્રક્રિયા શરૂ

અમદાવાદ, તા.૧૬

રાજ્યમાં પહેલી વખત યોજાઈ રહેલ વિજ્ઞાન પ્રવાહની કેન્દ્રીય પ્રવેશ કાર્યવાહીને ફાર્મસી સાથે સંકળી લેવામાં આવી છે. જેથી હવે ફાર્મસી અને વિજ્ઞાન પ્રવાહની વિદ્યાશાખામાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ એક જ પીન નંબર હોવાથી એક જ ફોર્મ ભરવાનું રહેશે. આ નિર્ણયના પગલે વિદ્યાર્થીઓને અલગ-અલગ બે ફોર્મ ભરવાથી છુટકારો મળ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અગાઉ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ફાર્મસી અને બીએસસીમાં પ્રવેશ માટે બે અલગ-અલગ ફોર્મ ભરવા પડતા હતા. ત્યારે ચાલુ વર્ષે બીએસસીમાં કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ દાખલ કરાતા વિદ્યાર્થીઓએ બંને અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અલગ-અલગ પીન નંબર લેવા પડે તેવી સ્થિતિનું સર્જન થયું હતું પરંતુ ટેકનિકલ શિક્ષણ પ્રવેશ સમિતિ દ્વારા ફાર્મસી અને બીએસસીમાં કોમન ફોર્મથી પ્રવેશ ફાળવવાની જાહેરાત કરાતાં વિદ્યાર્થીઓએ હવે એક જ પીન નંબરવાળુ એક જ ફોર્મ ભરીને ફાર્મસી કે બીએસસીમાં પ્રવેશ મેળવી શકશે. જેના કારણે વિદ્યાર્થીઓના સમય અને નાણાંની બચત થશે. આ પહેલા બંને વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટે જુદા-જુદા ફોર્મની વિચારણા કરવામાં આવી હતી પરંતુ આજથી જ હવે એક જ પીન નંબરનથી બંને વિદ્યાશાખામાં રજીસ્ટ્રેશન કરાવેલા વિદ્યાર્થીઓની સાયન્સ અને ફાર્મસીમાં પ્રવેશ માટે કાર્યવાહી શરૂ થઈ ચુકી છે. ઉલ્લેખનીય છે કે આજથી રાજ્યમાં તમામ સાયન્સ કોલેજમાં પ્રવેશ માટે કેન્દ્રીય પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેની સાથે સાથે ફાર્મસીમાં પણ પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. રાજ્યની સાત યુનિવર્સિટીઓમાં સાયન્સની ૬૭ કોલેજોમાં ૨૫૦૦૦ થી વધુ બેઠકો ઉપબલ્ધ છે જેમાં પ્રથમ વખત કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ મુજબ પ્રવેશ કાર્યવાહી હાથ ધરાઈ છે. આ ઉપરાંત રાજ્યની ફાર્મસીની ૫૫૦૦ બેઠકો માટેની પ્રવેશ કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

# ચાલો, આપણે પ્રેમથી ગ્રીષ્મને બાય-બાય કહીએ અને 'આવજો' કહીએ!

## ગ્રીષ્મ ગીતો

નેહલ જયદીપ ગઢવી

ઇશ્વરે રચેલી આ સુંદર મજાની સૃષ્ટિનું આપણે યોગ્ય જતન કરી શક્યા નથી! જેના પરિણામે ગ્લોબલ વોર્મિંગ અને ઓઝોન લેયરનું શ્રીણ થઇ જવું - આ પ્રકારની ગંભીર સમસ્યાઓ સર્જાઇ છે. પરંતુ, મનુષ્યનો પ્રકૃતિ-પ્રેમ આજે પણ તેને નૈસર્ગિક સૃષ્ટિ તરફ આકર્ષિત કરે છે! તે શહેરીજીવન અને પોતાની કૃત્રિમ જીવનશૈલીથી દૂર જવા માટે ગેમે તેટલી ભાગદોડ વચ્ચે પણ સમય ફાળવી જ લે છે. જો કે કુદરતે જેની રચના કરી છે. તે દરેક મોસમને તેની પોતાની ઉપયોગીતા છે. એટલું જ નહિં પરંતુ દરેક ઋતુને પોતાની આગવી છટા અને સૌંદર્ય પણ છે. ઋતુ-સૌંદર્યનું દર્શન અને તેમાંથી થતું ઋતુ-ગાનનું સર્જન, એ વેદકાળ જેટલી જૂની વાત છે. લોકજીવનની અંદર ઋતુ-મહિમા અનેક તહેવારો, ઉત્સવો, વ્રતો અને રિવાજોમાં રૂપમાં ગૂંથાઇ ગયો છે. જીવનમાં ઋતુઓનાં રંગો અને રસો જયાં આટલાં ઓતપ્રોત બની વહેતા હોય ત્યાં ઋતુ કાવ્યના અંકુરો ફૂટ્યાં વિના રહી શકે જ નહિં. તમામ કાવ્યોનું હોય તેમ આ કાવ્યનું પણ અંતિમ ધ્યેય તો શ્રોતાને ઉનાળાની આ દેહ દઝાડનારી ગરમીમાં પણ ગીષ્મની જૂજવી રમ્યતાનું રસપાન કરાવી રાહત પહોંચાડવાનું હોય છે. જો કે, બાળદોસ્તો કદી ઉનાળાથી ગભરાતા નથી. એ તો વંટોળીયાને માણવા પણ ગાડામાં (હવે મોટરસાઇકલ કહીએ!) બેસીને નીકળી પડે તેવું આ કાવ્ય આપણી બાળસ્મૃતિમાં આજે પણ અકબંધ હશે!

**ગાડા દોડે, ઘૂઘરા બોલે,**
**બળદ તણાં શીંગડાં ડોલે,**
**અમે ઊની ઊની લૂ મહીં નહાતા'તા...**
**વા વા વંટોળિયા...**

આજકાલ તો બાળકો મોટાભાગે ગરમીમાં ટેલિવિઝન સેટ્સને કારણે ઇન-ડોર થઇ ગયા છે આથી ઘણી વાર એવું બને છે કે ઋતિઓનાં રણિયામણા રંગો તેનો મન ભરીને માણી શકતા નથી. કવિશ્રી જયંત પાઠકે પોતાની આગવી છટાથી ઉનાળાને વધાવ્યો છે...

**વગડાને ડાળ ડાળ ઉઝરડાય ઉનાળો,**
**સૂકી તલાવડી તલે તરડાય ઉનાળો,**
**મૃગજળ ભણી વળી વળીને જાય ઉનાળો,**
**વણઝારમાં ઊંટોની વહચો જાય ઉનાળો.**
**દિનનો ઊભો ચઢાવ ચઢી જાય ઉનાળો,**
**સાંજુકા ઢાળમાં જતો પછડાય ઉનાળો.**

મનુષ્ય હંમેશથી પ્રકૃતિપ્રેમી રહ્યો છે. તેની દૃષ્ટિ સતત બાળ સહજ કુતૂહલતાપૂર્વક નિસર્ગ સામે મંડાયેલી રહે છે. નિસર્ગનાં નમણાં રૂપને તે અંતઃકરણમાં તેમજ તેનાં અંગેઅંગમાં ભરી દે છે. સૂર્યને તેણે દેવ તરીકે પૂજ્યો પણ ચે અને કવિતામાં શૃંગારરસના પ્રતિક તરીકે આલેખ્યો પણ છે. અનિરૂદ્ધ બ્રહ્મભટ્ટ સૂરજની દિનચર્યા વર્ણવતા લખે છે કે,

**સૂરજ રમતો ભમતો ઊગ્યો.**
**ઊગ્યો એવો દરિયો થઇને તેજલ રંગે છલક્યો,**
**ને વનકન્યાના કેશકલાપે**
**આળવિયાનું ફૂલ થઇને મલક્યો.**
**ફૂલ ઉપરથી પવન બનીને છૂટ્યો**
**ને નવજાતક પંખીની ચાંચે**
**સૂર બનીને ફૂટ્યો.**

ઉનાળાની વાત આવે એટલે કોયલ અને આંબાની મંજરી પર યાદ આવે! કવિશ્રી ઝીણાભાઇ દેસાઇએ લખ્યું તેમ, મંજરી મરજીની માલિક છે. તેને કોઇ બળજબરીથી લાવી ન શકે અને આવે ત્યારે રોકી ન શકે. મંજરીને કોઇ રોકી ન શકે તો કોયલને કોઇ ટોકી ન શકે!

**આ આંબે મ્હોરતી મંજરી,**
**એને કોણ રોકે?**
**કાંઇ કોકિલ ઘેરો થાય.**
**ને એને કોણ ટોકે?**

ગ્રીષ્મ ઋતુમાં અન્ય એક આકર્ષણ લગ્નોનું પણ હોય છે. ચૈત્ર-વૈશાખના વાયરા વાતા હોય અને સૂર્ય તેની ચરમસીમાએ તપતો હોય ત્યારે કોઇ ઘરમાં હરખની હેલી વચ્ચે લગ્નની તડામાર તૈયારીઓ ચાલતી હોય અને સાથે ઠંડાપીણા તેમજ આઇસ્ક્રીમ પણ જામી હોય! અને આજે જ તો કવિશ્રી દીપક બારડોલીકર તડકાને આ રીતે ભાતીગળ શબ્દોમાં વર્ણવે છે કે,

**તડકો ચાલે, તડકો દોડે, તડકો ખેલે ખેલ**
**કિરણ કિરણ છે મોટ કળાયલ જાણે શીશમહેલ**
**તડકો રૂપ હજાર**
**તડકો તારો પ્યાર!**

તડકો જાણે જાન ઊઘલતી, ફળિયે ફળિયે ઢોલ ઝગમગ ઝગમગ સાફો સુંદર, તડકો તારો કોલ...

ઉનાળાની આ ગરમી માનવી ઉપરાંત વન્ટસૃષ્ટિ માટે પણ અત્યંત કષ્ટદાયક હોય છે! વન્યજીવો ઠંડક મેળવવા માટે નદી-નાળાની આસપાસ જ બેસી રહેવું પસંદ કરે છે. ફૂલ-ઝાડ તો જાણે પાણી માટે આકાશ સામે મીટ માંડીને બેઠા હોય છે! પણ આ બધાની વચ્ચે ગુલમહોર અને ગરમાળો પોતાના પુષ્પોથી સૂર્યને પણ હંફાવી દે છે! અને ગુલમ્હોર તો મ્હોર્યા તેનું ખરું કારણ તેની આંતરિક શક્તિ છે. તેવી વાત કવિશ્રી રાજેન્દ્ર શાહે ખુબ જ સુંદર રીતે કરી છે -

**આપણે ન કંઇ રંક,**
**ભર્યો ભર્યો માહ્યલો કોશ અપાર,**
**આભ ઝરે ભલે આગ,**
**હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર.**

**કવિશ્રી રમેશ પારેખ પણ ગુલમ્હોર વિષે લખે છે,**

**છાપરાં રાતાં થયાં ગુલમ્હોર મોર્યા એટલે**
**આંખની તો વાત ના પૂછો કે એને શું થયું**
**દશ્ય સૌ ગાતાં થયાં ગુલમ્હોર મોર્યા એટલે**
**આ ગલીમાં, ઓ ગલીમાં, આ ઘરે, ઓ મેડીએ**
**જીવ વહેરાતા થયા ગુલમ્હોર મોર્યા એટલે...**

એસી અને કુલરના આ યુગમાં આપણે તડકાથી બચવા કૃત્રિમ ઠંડકનો સહારો લઇએ છીએ! તેમજ સૂર્ય સામે રક્ષણ મેળવવા માટે અનેક પ્રકારની ક્રીમ, લોશન જેવા સૌંદર્ય પ્રશાદનો પણ વાપરીએ છીએ! પરંતુ સવારનો કૂમળો તડકો શરીરને નવચેતન તેમજ ઉર્જા બક્ષે છે એ વાત પણ એટલી જ અગત્યની છે. માટે વેકેશનના મોહમાં અને એસીની ઠંડકમાં ઉનાળાની સવારનો કૂણો તડકો જો તમે ચૂકી રહ્યા હો તો તમે ઘણું બધું ગુમાવી રહ્યા છો! પાશ્ચાત્ય સંસ્કૃતિને અનુસરતા આપણે કૂમળા તડકામાં સનબાથ લેવાનું કેમ વિસરી શકીએ? કૂમડો તડકો ગુમાવી અને વિટામીન-બી[12] તેમજ વિટામીન-ડીની ઉણપ દૂર કરવા માટેની દવાઓ લેવાનું આપણને ગુજરાતીઓને શી રીતે પાલવતું હશે! તડકો આપણને શું-શું આપી શકે એ વાત અહીં કવિશ્રી મોહન મઢીકરે ખૂબ સુંદર રીતે વર્ણવી છે...

**તડકો તો ફોરમનું ફૂલ**
**મારા વ્હાલામા! તડકો ચાંદાનું મૂલ.**
**તડકો તો લીલોછમ્મ મોલ**
**મારા વ્હાલમાં! તડકો તો ઢબકંતો ઢોલ.**
**તડકો તો દ્હાડાનો દેહ**
**મારા વ્હાલમા! તડકો તો મુશળધાર મેહ.**
**તડકો ન કોઇ દિયે છેહ**
**મારા વ્હાલમા! તડકો જો પરખો તો નેહ.**
**તડકો તો આપણો શ્વાસ**
**મારા વ્હાલમા! તડકો તો જીવતરની આશ.**

ચાલો, આપણે પ્રેમથી ગ્રીષ્મને બાય-બાય કહીએ અને 'આવજો' કહીએ!